19.09.2024 પ્રાતઃમુરલી મધુબન
ઓમ શાંતિ
બાપદાદા

"મીઠાં બાળકો - તમારું કામ છે પોતે પોતાની સાથે વાતો કરી પાવન બનવાનું, બીજા આત્માઓનાં ચિંતન માં પોતાનો સમય વેસ્ટ નહીં કરો ( વ્યર્થ નહીં ગુમાવો )"

પ્રશ્ન :- કઈ વાત બુદ્ધિમાં આવી ગઈ તો જૂની બધી આદતો છૂટી જશે?

ઉત્તર :- આપણે બેહદ બાપ નાં સંતાન છીએ તો વિશ્વનાં માલિક થયાં, આપણે દેવતા બનવાનું છે - આ વાત બુદ્ધિમાં આવી ગઈ તો જૂની બધી આદતો તો છૂટી જશે. તમે કહો, ન કહો, જાતે જ છોડી દેશે. ઉલ્ટું-સુલ્ટું ખાવા-પીવાનું, દારુ વગેરે જાતે જ છોડી દેશે. કહેશે વાહ! અમારે તો આ લક્ષ્મી-નારાયણ બનવાનું છે. ૨૧ જન્મો નું રાજ્ય-ભાગ્ય મળે છે તો કેમ નહીં પવિત્ર રહીશું?

ઓમ્ શાંતિ ! બાપ ઘડી-ઘડી બાળકોનું ધ્યાન ખેંચાવે છે કે બાપ ની યાદ માં બેઠાં છો? બુદ્ધિ બીજી કોઈ તરફ તો નથી ભાગતી? બાપ ને બોલાવે જ એટલે છે કે બાબા, આવીને અમને પાવન બનાવો. પાવન તો જરુર બનવાનું છે અને નોલેજ તો તમે કોઈ ને પણ સમજાવી શકો છો. આ સૃષ્ટિનું ચક્ર કેવી રીતે ફરે છે કોઈને પણ તમે સમજાવો તો ઝટ સમજી જશે. ભલે પવિત્ર નહીં હશે તો પણ નોલેજ તો વાંચી જ લેશે. કોઈ મોટી વાત નથી. ૮૪ નું ચક્ર અને દરેક યુગ ની આટલી આયુ છે, આટલાં જન્મ હોય છે. કેટલું સહજ છે. આનો સંબધ યાદ સાથે નથી, આ તો ભણતર છે. બાપ તો યથાર્થ વાત સમજાવે છે. બાકી છે સતોપ્રધાન બનવાની વાત. તે બનશો યાદ થી. જો યાદ નહીં કરશો તો ખૂબ નીચું પદ મેળવશો. આટલું ઊંચું પદ મેળવી નહીં શકો એટલે કહેવાય છે અટેન્શન. બુદ્ધિનો યોગ બાપ ની સાથે હોય. આને જ પ્રાચીન યોગ કહેવાય છે. શિક્ષક ની સાથે યોગ તો દરેક નો હોય જ. મૂળ વાત છે યાદ ની. યાદ ની યાત્રા થી જ સતોપ્રધાન બનવાનું છે અને સતોપ્રધાન બની પાછા ઘરે જવાનું છે. બાકી ભણતર તો બિલકુલ સહજ છે. કોઈ બાળક પણ સમજી શકે છે. માયા નું યુદ્ધ આ યાદ માં જ ચાલે છે. તમે બાપ ને યાદ કરો છો અને માયા પછી પોતાની તરફ ખેંચી ને ભુલાવી દે છે. એવું તો નહીં કહેશો કે મારા માં તો શિવબાબા બેઠાં છે, હું શિવ છું. ના, હું આત્મા છું, શિવબાબા ને યાદ કરવાનાં છે. એવું નથી મારી અંદર શિવ ની પ્રવેશતા છે. એવું બની ન શકે. બાપ કહે છે હું કોઈ માં પ્રવેશતો નથી. હું આ રથ પર સવાર થઈને જ આપ બાળકોને સમજાવું છું. હા, કોઈ નબળી બુદ્ધિનાં બાળકો છે અને કોઈ સારા જિજ્ઞાસુ આવી જાય છે તો એમની સર્વિસ અર્થ હું પ્રવેશ કરી દૃષ્ટિ આપી શકું છું. સદૈવ નથી બેસી શકતો. બહુરુપ ધારણ કરી કોઈનું પણ કલ્યાણ કરી શકું છું. બાકી એવું કોઈ ન કહી શકે કે મારા માં શિવબાબા ની પ્રવેશતા છે, મને શિવબાબા આ કહે છે. ના, શિવબાબા તો બાળકોને જ સમજાવે છે. મૂળ વાત છે જ પાવન બનવાની, તો પછી પાવન દુનિયામાં જઈ શકે. ૮૪ નું ચક્ર તો ખૂબ સહજ સમજાવે છે. ચિત્ર સામે લગાડેલા છે. બાપ વગર આટલું જ્ઞાન તો કોઈ આપી ન શકે. આત્મા ને જ જ્ઞાન મળે છે. તેને જ જ્ઞાન નું ત્રીજું નેત્ર કહેવાય છે. આત્માને જ સુખ-દુઃખ અનુભવ થાય છે, તેને આ શરીર છે ને? આત્મા જ દેવતા બને છે. કોઈ વકીલ, કોઈ વેપારી આત્મા જ બને છે. તો હવે આત્માઓ સાથે બાપ બેસીને વાત કરે છે, પોતાનો પરિચય આપે છે. તમે જ્યારે દેવતા હતાં, તો મનુષ્ય જ હતાં, પરંતુ પવિત્ર આત્માઓ હતાં. હમણા તમે પવિત્ર નથી એટલે દેવતા નથી કહેવાતાં. હવે દેવતા બનવા માટે પવિત્ર જરુર બનવાનું છે. તેનાં માટે બાબા ને યાદ કરવાનાં છે. ખાસ કરીને એવું જ કહે છે - બાબા, મારા થી આ ભૂલ થઈ જે હું દેહ-અભિમાન માં આવી ગયો. બાપ બાળકોને સમજાવે છે પાવન જરુર બનવાનું છે. કોઈ વિકર્મ નહીં કરો. તમારે સર્વગુણ સંપન્ન અહીં બનવાનું છે. પાવન બનવાથી મુક્તિધામ માં ચાલ્યા જશો. બીજા કોઈ પ્રશ્ન પૂછવાની વાત જ નથી. તમે પોતાની સાથે વાત કરો, બીજા આત્માઓનું ચિંતન ન કરો. કહે છે લડાઈ માં બે કરોડ મર્યા. આટલાં આત્માઓ ક્યાં ગયાં? અરે, તે ક્યાંય પણ ગયાં, એનાથી તમારું શું જાય છે? તમે શા માટે ટાઈમ વેસ્ટ કરો છો? બીજી કોઈ પણ વાત પૂછવાની જરુર નથી. તમારું કામ છે પાવન બની પાવન દુનિયાનાં માલિક બનવાનું. બીજી વાતો માં જવાથી મૂંઝાઈ જશો. કોઈ ને પૂરો જવાબ નથી મળતો તો મૂંઝાઈ જાય છે.

બાપ કહે છે મનમનાભવ. દેહ સહિત દેહ નાં બધાં સંબંધો છોડો, મારી પાસે જ તમારે આવવાનું છે. મનુષ્ય મરે છે તો જ્યારે સ્મશાન માં લઈ જાય છે એ સમયે મોઢું એ તરફ અને પગ સ્મશાન તરફ રાખે છે પછી જ્યારે

સ્મશાન પાસે પહોંચે છે તો પગ એ તરફ અને મોઢું સ્મશાન તરફ કરી દે છે. તમારું પણ ઘર ઉપર છે ને? ઉપર કોઈ પતિત જઈ ન શકે. પાવન બનવા માટે બુદ્ધિનો યોગ બાપ સાથે લગાવવાનો છે. બાપ પાસે મુક્તિધામ માં જવાનું છે. પતિત છે એટલે જ બોલાવે છે કે અમને પતિતો ને આવીને પાવન બનાવો, લિબ્રેટ કરો. તો બાપ કહે છે હવે પવિત્ર બનો. બાપ જે ભાષા માં સમજાવે છે, તે જ ભાષા માં કલ્પ-કલ્પ સમજાવશે. જે ભાષા આમની હશે, તેમાં જ સમજાવશે ને? આજકાલ હિન્દી ખૂબ ચાલે છે, એવું નથી કે ભાષા બદલાઈ શકે છે. ના, સંસ્કૃત ભાષા વગેરે કોઈ દેવતાઓની તો નથી. હિન્દુ ધર્મ ની ભાષા સંસ્કૃત નથી. હિન્દી જ હોવી જોઈએ. પછી સંસ્કૃત કેમ ભણે છે? તો બાપ સમજાવે છે અહીં જ્યારે બેસો છો તો બાપ ની યાદ માં જ બેસવાનું છે, બીજી કોઈ વાત માં તમે જાઓ જ નહીં. આટલાં મચ્છર નીકળે છે, ક્યાં જાય છે? ધરતીકંપ માં ઝુંડ નાં ઝુંડ ઝટ મરે છે, આત્માઓ ક્યાં જાય છે? એમાં તમારું શું જાય છે? તમને બાપે શ્રીમત આપી છે કે સ્વયંની ઉન્નતિ માટે પુરુષાર્થ કરો. બીજા નાં ચિંતન માં નહીં જાઓ. આમ તો અનેક વાતોનું ચિંતન થઈ જશે. બસ, તમે મને યાદ કરો, જેનાં માટે બોલાવ્યા છે એ યુક્તિ થી ચાલો. તમારે બાપ પાસે થી વારસો લેવાનો છે, બીજી વાતો માં નથી જવાનું એટલે બાબા ઘડી-ઘડી કહે છે અટેન્શન! ક્યાંય બુદ્ધિ તો નથી જતી? ભગવાન ની શ્રીમત તો માનવી જોઈએ ને? બીજી કોઈ વાત માં ફાયદો નથી. મુખ્ય વાત છે પાવન બનવાની. આ પાક્કું યાદ રાખો - આપણા બાબા બાબા પણ છે, શિક્ષક પણ છે, પ્રિસેપ્ટર (સદ્દગુરુ) પણ છે. આ જરુર દિલ માં યાદ રાખવાનું છે - બાપ બાપ પણ છે, આપણને ભણાવે છે, યોગ શીખવાડે છે. શિક્ષક ભણાવે છે તો બુદ્ધિનો યોગ શિક્ષક માં અને ભણતર માં પણ જાય છે. આ જ બાપ પણ કહે છે, તમે બાપ નાં તો બની જ ગયાં છો. બાળકો તો છો જ, ત્યારે તો અહીં બેઠાં છો. શિક્ષક પાસે થી ભણી રહ્યા છો. ક્યાંય પણ રહેતાં બાપ નાં તો છો જ પછી ભણવામાં અટેન્શન આપવાનું છે. શિવબાબા ને યાદ કરશો તો વિકર્મ વિનાશ થશે અને તમે સતોપ્રધાન બની જશો. આ નોલેજ બીજા કોઈ આપી ન શકે. મનુષ્ય તો ઘોર અંધકાર માં છે ને? જ્ઞાન માં જુઓ - કેટલી તાકાત છે? તાકાત ક્યાંથી મળે છે? બાપ પાસે થી તાકાત મળે છે જેનાથી તમે પાવન બનો છો. પછી ભણતર પણ સહજ છે. એ ભણતર માં તો ખૂબ મહિના લાગે છે. અહીં તો ૭ દિવસ નો કોર્સ છે. એનાથી તમે બધું સમજી જશો પછી તેમાં છે બુદ્ધિ પર આધાર. કોઈ વધારે સમય લગાવે છે, કોઈ ઓછો. કોઈ તો ૨-૩ દિવસ માં જ સારી રીતે સમજી જાય છે. મૂળ વાત છે બાપ ને યાદ કરવાં, પવિત્ર બનવું. તે જ મુશ્કેલ લાગે છે. બાકી ભણતર તો એકદમ સરળ છે. સ્વદર્શન ચક્રધારી બનવાનું છે. એક દિવસ નાં કોર્સ માં પણ બધું સમજી શકો છો. હું આત્મા છું, બેહદ બાપ ની સંતાન છું તો જરુર આપણે વિશ્વનાં માલિક થયાં. આ બુદ્ધિ માં આવે છે ને? દેવતા બનવું છે તો દૈવી ગુણ પણ ધારણ કરવાનાં છે, જેમને બુદ્ધિમાં આવી ગયું તે ફટ થી બધી આદતો છોડી દેશે. તમે કહો, ન કહો, જાતેજ છોડી દેશે. ઉલ્ટું-સુલ્ટું ખાવા-પીવાનું, દારુ વગેરે જાતેજ છોડી દેશે. કહે છે - વાહ, અમારે આ બનવું છે, ૨૧ જન્મો માટે રાજ્ય મળે છે તો કેમ નહીં પવિત્ર રહીશું? ચીટકી જવું જોઈએ. મુખ્ય વાત છે યાદ ની યાત્રા. બાકી ૮૪ નાં ચક્રની નોલેજ તો એક સેકન્ડ માં મળી જાય છે. જોવાથી જ સમજી જાય છે. નવું ઝાડ જરુર નાનું હશે. હવે તો કેટલું મોટું ઝાડ તમોપ્રધાન બની ગયું છે. કાલે ફરી નવું ઝાડ નાનું બની જશે. તમે જાણો છો - આ જ્ઞાન ક્યારેય ક્યાંય થી પણ મળી ન શકે. આ ભણતર છે, પહેલી મુખ્ય શિક્ષા પણ મળે છે કે બાપ ને યાદ કરો. બાપ ભણાવે છે, આ નિશ્ચય કરો. ભગવાનુવાચ - હું તમને રાજયોગ શીખવાડું છું. બીજા કોઈ મનુષ્ય આવું કહી ન શકે. શિક્ષક ભણાવે છે તો જરુર શિક્ષક ને યાદ કરશે ને? બેહદનાં બાપ પણ છે, બાપ આપણને સ્વર્ગનાં માલિક બનાવે છે. પરંતુ આત્મા કેવી રીતે પવિત્ર બનશે? આ કોઈ પણ બતાવી ન શકે. ભલે પોતાને ભગવાન કહે કે કંઈ પણ કહે પરંતુ પાવન બનાવી ન શકે. આજકાલ ભગવાન તો ખૂબ થઈ ગયા છે. મનુષ્ય મૂંઝાઈ જાય છે. કહે છે અનેક ધર્મ નીકળે છે, શું ખબર કયો સાચ્ચો છે? ભલે તમારા પ્રદર્શન તથા મ્યુઝિયમ વગેરે નાં ઉદ્દઘાટન કરે છે પરંતુ સમજતા કંઈ પણ નથી. હકીકત માં ઉદ્દઘાટન તો થઈ જ ગયું છે. પહેલાં ફાઉન્ડેશન લાગે છે, પછી જ્યારે મકાન બનીને તૈયાર થાય છે ત્યારે ઉદ્દઘાટન થાય છે. ફાઉન્ડેશન લગાવવા માટે પણ બોલાવાય છે. તો આ પણ બાપે સ્થાપના કરી દીધી છે, બાકી નવી દુનિયા નું ઉદ્દઘાટન થઈ જ જવાનું છે, એમાં કોઈએ ઉદ્દઘાટન કરવાની જરુર નથી રહેતી. ઉદ્દઘાટન તો સ્વત: જ થઈ જશે. અહીં ભણીને પછી આપણે નવી દુનિયામાં ચાલ્યા જઈશું.

તમે સમજો છો હમણાં આપણે સ્થાપના કરી રહ્યા છીએ એનાં માટે જ મહેનત કરવાની હોય છે. વિનાશ થશે પછી આ દુનિયા જ બદલાઈ જશે. પછી તમે નવી દુનિયામાં રાજ્ય કરવા આવી જશો. સતયુગ ની સ્થાપના બાપે કરી છે, પછી તમે આવશો તો સ્વર્ગ ની રાજધાની મળી જશે. બાકી ઓપનિંગ સેરેમની કોણ કરશે? બાપ તો સ્વર્ગ માં આવતા જ નથી. આગળ જઈને જોવાનું છે કે સ્વર્ગ માં શું હોય છે. છેલ્લે શું થાય છે? આગળ

ચાલીને સમજશે. આપ બાળકો જાણો છો પવિત્રતા વગર વિથ ઓનર (સન્માન સાથે) આપણે સ્વર્ગ માં જઈ ન શકીએ. આટલું પદ પણ મેળવી ન શકીએ એટલે બાપ કહે છે ખૂબ પુરુષાર્થ કરો. ધંધો વગેરે પણ ભલે કરો પરંતુ વધારે પૈસા શું કરશો? ખાઈ તો શકશો નહીં. તમારા પુત્ર-પૌત્રા વગેરે પણ નહીં ખાશે. બધું માટીમાં ભળી જશે એટલે થોડો સંગ્રહ કરો યુક્તિ થી. બાકી તો બધું ત્યાં ટ્રાન્સફર કરી દો. બધાં તો ટ્રાન્સફર નથી કરી શકતાં. ગરીબ જલ્દી ટ્રાન્સફર કરી દે છે. ભક્તિમાર્ગ માં પણ ટ્રાન્સફર કરે છે બીજા જન્મ માટે. પરંતુ તે છે ઇનડાયરેક્ટ. આ છે ડાયરેક્ટ. પતિત મનુષ્યો ની પતિતો સાથે જ લેન-દેન છે. હમણાં તો બાપ આવ્યા છે, તમારી તો પતિતો સાથે લેન-દેન નથી. તમે છો બ્રાહ્મણ, બ્રાહ્મણો ને જ તમારે મદદ કરવાની છે. જે સ્વયં સર્વિસ કરે છે એમને તો મદદ ની જરુર નથી. અહીં ગરીબ, સાહૂકાર વગેરે બધાં આવે છે. બાકી કરોડપતિ તો મુશ્કેલ આવશે. બાપ કહે છે હું છું ગરીબ નિવાઝ. ભારત ખૂબ ગરીબ ખંડ છે. બાપ કહે છે હું આવું પણ ભારત માં જ છું, એમાં પણ આ આબૂ સૌથી મોટું તીર્થ છે, જ્યાં બાપ આવીને આખાં વિશ્વની સદ્દગતિ કરે છે. આ છે નર્ક. તમે જાણો છો નર્ક થી પછી સ્વર્ગ કેવી રીતે થાય છે? હમણાં તમારી બુદ્ધિમાં બધું જ્ઞાન છે. બાપ યુક્તિ એવી બતાવે છે પાવન બનવાની, જે બધાનું કલ્યાણ કરી દે છે. સતયુગ માં કોઈ અકલ્યાણ ની વાત, રડવાનું, પીટવાનું વગેરે કાંઈ પણ નથી હોતું. હમણાં જે બાપની મહિમા છે - જ્ઞાન નાં સાગર, સુખ નાં સાગર છે. હમણાં તમારી પણ આ મહિમા છે, જે બાપ ની છે. તમે પણ આનંદ નાં સાગર બનો છો, અનેક ને સુખ આપો છો પછી જ્યારે તમારો આત્મા સંસ્કાર લઈને નવી દુનિયામાં જશે તો ત્યાં પછી તમારી મહિમા બદલાઈ જશે. પછી તમને કહેશે સર્વગુણ સંપન્ન... હમણાં તમે નર્ક માં બેઠાં છો, આને કહેવાય છે કાંટાઓનું જંગલ. બાપ ને જ બાગવાન, ખેવૈયા કહેવાય છે. ગાય પણ છે અમારી નૌકા પાર કરો કારણ કે દુઃખી છે તો આત્મા પોકારે છે. મહિમા ભલે ગાય છે પરંતુ સમજતા કંઈ પણ નથી. જે આવ્યું તે કહી દે છે. ઊંચા માં ઊંચા ભગવાન ની નિંદા કરતા રહે છે. તમે કહેશો અમે તો આસ્તિક છીએ. સર્વ નાં સદ્દગતિ દાતા જે બાપ છે, એમને આપણે જાણી ગયા છીએ. બાપે સ્વયં પરિચય આપ્યો છે. તમે ભક્તિ નથી કરતાં તો કેટલું હેરાન કરે છે? તે છે મેજોરિટી, તમારી છે માઈનોરીટી. જ્યારે તમારી મેજોરિટી થઈ જશે, ત્યારે તેમને પણ આકર્ષણ થશે. બુદ્ધિનું તાળું ખુલ્લી જશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સ્વયં ની ઉન્નતિ નું જ ચિંતન કરવાનું છે. બીજી કોઈ પણ વાત માં નથી જવાનું. ભણતર અને યાદ પર પૂરું ધ્યાન આપવાનું છે. બુદ્ધિ ભટકાવવાની નથી.
2. હમણાં બાપ ડાયરેક્ટ આવ્યા છે એટલાં માટે પોતાનું બધું જ યુક્તિ થી ટ્રાન્સફર કરી દેવાનું છે. પતિત આત્માઓ સાથે લેન-દેન નથી કરવાની. વિથ ઓનર સ્વર્ગ માં જવા માટે પવિત્ર જરુર બનવાનું છે.

વરદાન :- મન અને બુદ્ધિ ને વ્યર્થ થી મુક્ત રાખી બ્રાહ્મણ સંસ્કાર બનાવવા વાળા રુલર ભવ

કોઈપણ નાનકડી વ્યર્થ વાત, વ્યર્થ વાતાવરણ તથા વ્યર્થ દૃશ્ય નો પ્રભાવ પહેલાં મન પર પડે છે પછી બુદ્ધિ એને સહયોગ આપે છે. મન અને બુદ્ધિ જો એ જ પ્રકારે ચાલતા રહે છે તો સંસ્કાર બની જાય છે. પછી ભિન્ન-ભિન્ન સંસ્કાર દેખાય છે. જે બ્રાહ્મણ-સંસ્કાર નથી. કોઈ પણ વ્યર્થ સંસ્કાર નાં વશ થવું, પોતાની સાથે જ યુદ્ધ કરવું, ઘડી-ઘડી ખુશી ગુમ થઈ જવી - આ ક્ષત્રિયપણા નાં સંસ્કાર છે. બ્રાહ્મણ અર્થાત્ રુલર, વ્યર્થ સંસ્કારો થી મુક્ત હશે, પરવશ નહીં.

સ્લોગન :- માસ્ટર સર્વશક્તિવાન્ એ છે જે દૃઢ પ્રતિજ્ઞા થી સમસ્યાઓને સહજ જ પાર કરી લે.